**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલ કમિશનર શ્રી પી.એસ. સુચક સાહેબ સમક્ષ, દાહોદ**

**વ. કો. ડિસ્ટ્રીબ્યુશન અરજી નં. ૨૧/૨૦૨૬**

**ઈન વ. કો. નોન ફેટલ અ. નં. ૦૨/૨૦૧૧**

**આંક- ૫**

**(૧)** આ કામે હાલની અરજી વર્કમેન નોન ફેટલ ૦૨/૨૦૧૧ ના કામે તા. ૦૩/૦૪/૨૦૨૩ ના રોજ રૂ. ૨,૮૦,૧૬૦/- (અંકે રૂપિયા બે લાખ એંસી હજાર એકસો સાહિંઠ પુરા) જમા થયેલ હોય જે રકમની વહેંચણી કરવા હાલની અરજી કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે મુળ કેસની અરજી શંકરભાઈ અભેસિંહ ડામોર દ્વારા કરવામાં આવેલ જેઓ ચાલતા કામે ગુજરી જતા તેમના વારસોને પક્ષકાર તરીકે જોડવામા આવેલા જેથી હાલની અરજી ડિસ્ટ્રિબ્યુશન અરજી તરીકે રકમની વહેંચણી માટે દાખલ કરવામા આવેલ છે.

**(3)** આ કામે અગાઉ જમા થયેલ વળતરની રકમ રૂ. ૨૧,૩૮,૪૪૩/- (અંકે રૂપિયા એકવીસ લાખ આડત્રીસ હજાર ચારસો તેતાલીસ પુરા) ની વહેંચણી વર્કમેન ડિસ્ટ્રિબ્યુશન નં. ૧૪/૨૦૨૨ થી કરવામા આવેલ છે જેનો હુકમ અરજીના કામે રજુ કરેલ છે તેમજ મુળ કેસનો હુકમ પણ રજુ થયેલ છે તેમજ વારસોના આધારકાર્ડ, પાનકાર્ડ પણ રજુ થયેલા છે જે ધ્યાને લીધા.

**(૪)** આ કામે મુળ કેસનુ રેકર્ડ જોતા અકસ્માતનો બનાવ તા. ૧૧/૧૨/૨૦૧૦ ના રોજ બનેલો અને મુળ કેસ વ. કો. નોન ફેટલ અ. નં. ૦૨/૨૦૧૧ થી દાખલ થયેલ છે.

**(૫)** આ કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા અકસ્માતનો બનાવ વર્ષ ૨૦૧૦ માં બનેલો જે અન્વયે જમા કરાવેલ રૂ. ૨૧,૩૮,૪૪૩/- (અંકે રૂપિયા એકવીસ

લાખ આડત્રીસ હજાર ચારસો તેતાલીસ પુરા) ના ડિસ્ટ્રિબ્યુશનના કામે રકમ રોકડમા તથા ફિક્સ ડિપોઝિટ મુકવામાં આવેલ છે જ્યારે આ કામે વીમા કંપની દ્વારા જમા કરાવેલ રકમ રૂ. ૨,૮૦,૧૬૦/- (અંકે રૂપિયા બે લાખ એંસી હજાર એકસો સાહિંઠ પુરા) ની વહેંચણી કરવા વીમા કંપની તરફે વિ. વ. શ્રી ને વાંધો ન હોય જે ધ્યાને લેતા આ કામે મુળ અરજદાર ગુજરી ગયેલ હોય તેમજ અકસ્માતના બનાવને ૧૬ વર્ષ થયેલ હોય ત્યારે પાછળથી જમા કરાવેલ તમામ રકમ સમગ્ર કેસનુ રેકર્ડ ધ્યાને લેતા રોકડમા ચુકવવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

**(૬)** આ કામે જમા રકમ રૂ. ૨,૮૦,૧૬૦/- (અંકે રૂપિયા બે લાખ એંસી હજાર એકસો સાહિંઠ પુરા) ની ફિક્સ ડિપોઝિટ મુકેલ હોય વ્યાજ સહિતની કુલ જમા રકમ ગુજરનાર શંકરભાઇ અભેસિંગ ડામોરના પાંચ વારસો સોકલીબેન શંકરભાઇ ડામોર, રાધાબેન શંકરભાઇ ડામોર, મનહરકુમાર શંકરભાઇ ડામોર, અભેસિંગ માનસિંગભાઇ ડામોર, નવલીબેન અભેસિંગભાઇ ડામોરને સરખે હિસ્સે રકમ તેમના અગાઉ ચુકવેલ ખાતામા જમા આપવા હુકમ કરવામા આવે છે.

**(૭)** હુકમ મુજબ કાર્યવાહી સુપરિટેન્ડેન્ટશ્રીએ તથા બેંકે કરવાની રહેશે.

તા. ૦૧/૦૬/૨૦૨૬
સ્થળ : દાહોદ

પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક
કમિશનર
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ.
જિજે-૦૧૧૧૮